## સમાજ અને આનંદ

મનુષ્ય સંપૂર્ણ રીતે આનંદની માટે લાચાર કરવામાં આવ્યો છે, તેને ભૂલવા માટે બાધ્ય કરવામાં આવ્યો છે. સમાજ તેના વિરોધમાં છે, સભ્યતા તેના વિરોધમાં છે. સમાજનું અત્યાધિક રોકાણ દુઃખમાં છે. તે દુઃખ પર નિર્ભર છે. દુઃખથી એને પોષણ મળે છે. સમાજ મનુષ્ય માટે નથી. સમાજ મનુષ્યનો સાધનની રીતે ઉપયોગ કરે છે. સમાજ મનુષ્ય કરતાં વધુ મહત્ત્વપૂર્ણ થઈ ગયો છે. સંસ્કૃતિ, સભ્યતા આ તમામનું અધિક મહત્ત્વ છે. આ બધું મનુષ્ય માટે બનાવવામાં આવ્યું હતું પરંતુ હવે તે મનુષ્ય માટે નથી, મનુષ્ય હવે તેના માટે છે. હવે તેઓએ લગભગ આખી પ્રક્રિયાને ઊંધી કરી દીધી છે.

દરેક બાળક આનંદિત જન્મે છે. આનંદ સ્વાભાવિક છે. આ કાંઈ એવું નથી કે ફક્ત મહાન સંતોને તેનો અનુભવ થાય છે. આ એવું છે જે દરેક વ્યક્તિ દુનિયામાં પોતાની સાથે લાવે છે. બધાં તે પોતાની સાથે લઈ ને આવે છે. આ જીવનનો અંતરતમ મર્મ છે. આ જીવિત હોવાનો એક ભાગ છે. જીવન આનંદ છે. દરેક બાળક તેની સાથે જન્મે છે પરંતુ પછી સમાજ તે બાળકને વશીભૂત કરે છે, આનંદની સંભાવનાઓને નષ્ટ કરવાનું શરૂ કરે છે, બાળકને દુઃખી કરવાનું શરૂ કરે છે, બાળકને સંસ્કારિત કરવાનું શરૂ કરે છે. સમાજ વિક્ષિપ્ત છે, ખતરનાક છે. તે આનંદિત લોકોને સહન નથી કરી શકતો. એની વ્યવસ્થા સમજવાનો પ્રયત્ન કરો ત્યારે તમારી સમજ સરળ થશે.

તમે આનંદિત વ્યક્તિને વશમાં નહીં કરી શકશો, તે અસંભવ છે તમે ફક્ત દુઃખી વ્યક્તિને જ વશમાં કરી શકશો. આનંદિત વ્યક્તિ નિશ્ચિત જ સ્વતંત્ર હશે, આનંદ સ્વતંત્રતા છે. એ ગુલામીમાં સંકોચાશે નહીં. તમે તેને સરળતાથી નષ્ટ નહીં કરી શકો. તમે વાવા વિસરાવી ચૂકયો એને કારાગૃહમાં જીવવા માટે ફોસલાવી નહીં શકો, તે તારાઓની નીચે નૃત્ય કરવાનું પસંદ કરશે. તે હવાઓની સાથે વહેવાનું પસંદ કરશે. તે ચંદ્ર અને સૂર્ય સાથે વાતો કરવાનું પસંદ કરશે. તેને વિશાળતાની જરૂર હશે, તેને અંધારી કોટડીમાં જીવવા માટે ફોસલાવી નહીં શકો, તમે એને ગુલામ નહીં બનાવી શકો. તે પોતાનું જીવન જીવશે. તે પોતાનું કાર્ય કરશે. આ સમાજ માટે થોડું મુશ્કેલ હશે. જો અહીં ઘણા બધા લોકો આનંદિત હોય તો સમાજને લાગશે કે તેના ટુકડા થઈ રહ્યા છે, તેનું માળખું નથી બની રહ્યું.

> તમે આનંદિત વ્યક્તિને વશમાં નહીં કરી શકશો, તે અસંભવ છે. તમે ફક્ત દુઃખી વ્યક્તિને જ વશમાં કરી શકશો. આનંદિત વ્યક્તિ નિશ્ચિત જ સ્વતંત્ર હશે, આનંદ સ્વતંત્રતા છે. એ ગુલામીમાં સંકોચાશે નહીં

**ઓશો વાણી**

આનંદ આત્યંતિક સ્વતંત્રતા છે અને જ્યારે કોઈ આનંદમાં કિકિયારી કરે છે 'મેં પામી લીધું'.... અને વ્યંગ એવું છે કે આ પામવા માટે તમારે કશે જવાની જરૂર નથી પડતી, તે પહેલેથી ત્યાં જ છે. આ તમારો મર્મ છે, તમારી ચેતના છે. જો તમે તેને પામવા માટે નિશ્ચિંત છો તો તમે આ જ ક્ષણે તેને પામી શકો છો. એક ક્ષણ માટે પણ તેને ટાળવાની જરૂર નથી, ગહન તૃષા દ્વાર ખોલી શકે છે. એક સ્વપ્ન ત્વરા તમને હમણાં આ જ સમયે સ્વતંત્ર કરી શકે છે.

(ઓશો : Ecstasy: The Forgotten Language - પુસ્તકમાંથી, સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે)

# શોભન યોગ, સર્વાર્થ સિદ્ધયોગ, રવિયોગ અને શિવવાસ યોગના સંયોગે ઉજવાશે 'રામનવમી'

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

ચંદ્રકળાઓ પર આધારિત હિન્દુ પંચાગ અનુસાર હિન્દુ મહિનાઓની તિથિઓના ક્ષય અને વૃદ્ધિતિથિ જેવી પ્રણાલી ઋતુઓ સાથે સંતુલન જાળવે છે અને એટલે દર ત્રણ વર્ષે એક અધિક માસ પણ આવે છે. આ વર્ષે અધિકમાસનો યોગ છે. તિથિઓની ક્ષય-વૃદ્ધિની સિસ્ટમને કારણે તહેવારોની ઉજવણી અંગે ઘણી વખત સંશય ઊભો થાય છે તો વિવિધ પ્રાંતના પંચાગ પ્રમાણે તહેવારોની ઉજવણી અંગે વિસંગતતા પણ જોવા મળે છે. હિન્દુસમાજનો મોટો તહેવાર રામનવમી તા. 26મી માર્ચે છે કે 27મી એ અંગે કન્ફયુઝન હતું પણ તા. 26મીએ સવારે 11.46 કલાકે રામનવમીની તિથિનો પ્રારંભ થઈ રહ્યો છે. જે તા. 27મીની સવારે 10.07 કલાક સુધીનો રહેશે પણ ઉદયતિથિ તા. 26મીના રોજ છે તે આધારે પંચાગના અભ્યાસ પછી જ્યોતિષીઓ અને પંડિતોના જણાવ્યા મુજબ તા. 26મી માર્ચે જ રામનવમીના તહેવારોની દેશભરમાં ઉજવણી થશે. અનેક શુભ યોગના સંયોગે રામનવમીનો તહેવાર ઉજવાશે. સૂર્ય, ચંદ્ર તથા ગુરુની સ્થિતિ આ અવસરે સંતુલિત હોવાથી ભગવાન શ્રીરામની પૂજા, ઉપાસના અને અનુષ્ઠાન શ્રદ્ધાળુઓને માનસિક શાંતિ, અધિક નિર્ણય ક્ષમતા અને આધ્યાત્મિક ઉન્નતિ પ્રદાન કરનાર રહેશે.

વિશેષ યોગ-સંયોગની વાત કરીએ તો રામનવમીની તિથિ સાથે આ વખતે શોભન યોગનો દુલર્ભ સંયોગ પ્રાપ્ત થયો છે. આ યોગમાં શ્રીરામજીની પૂજા કરનાર સાધક સંકટોમાંથી મુક્તિ પામે છે. તેમજ તેમની મનોકામનાઓ પૂર્ણ થાય છે. એક અન્ય સર્વાર્થ સિદ્ધ યોગ પણ નવમીના દિવસે બપોરે 4.19 મિનિટે પ્રારંભ થઈ પૂર્ણ રાત્રિ સુધી રહેશે. તેથી યા યોગ આધારિત પૂજા-અનુષ્ઠાન સર્વપ્રકારની સિદ્ધિ આપનાર રહેશે. એજ પ્રમાણે રવિયોગનું પણ નિર્માણ નવમીના દિવસે જ સાંજે 4-19 કલાકથી જ પ્રારંભાઈને પૂર્ણ રાત્રિ સુધીનું રહેશે. શ્રીરામ પૂજન સ્વાસ્થ્યલક્ષી આરોગ્યના વરદાન જેવી ફલશ્રૃતિ આપનાર હશે. શિવવાસ યોગનો પણ વિશેષ સંયોગ રામનવમીની તિથિ પર સવારે 11.48 કલાકથી પ્રારંભાશે. આ યોગ દરમ્યાનના પાઠ, પૂજન ઉપાસના અને અનુષ્ઠાન જેવા શુભકાર્યો થકી ભગવાન શ્રી રામ સાથે દેવાધિદેવ મહાદેવની પણ કૃપાના અધિકારી બની શકાય છે. અનેક યોગના સંયોગે રામનવમીના પાવન અવસરે પૂજા-અર્ચના માટે અતિ શુભ સમય તા. 26મીએ રામનવમીના દિવસે સવારે 11.13 કલાકથી બપોરે 1.41 કલાક સુધીનો સમય છે. તો બપોરે 12.27 કલાકનો મધ્યાન્હ વેળાનો સમય પણ અતિ ઉત્તમ ગણાવાયો છે. આ સમયે ભગવાન શ્રી રામનો જન્મોત્સવ ઉજવાશે તેથી આ સમય દરમ્યાન ઘરમંદિરમાં પણ ભગવાન શ્રી રામની પૂજા કરવી ઉત્તમ ફળદાયી છે.

'રામનવમી' એટલે ભગવાન શ્રીરામનો જન્મોત્સવ. દેશભરમાં રામજીમંદિરોમાં હિન્દુ સંસ્થાઓ અને હિન્દુ સમાજમાં વિવિધ પ્રકારે રામનવમીની ઉજવણી થશે.

અયોધ્યા ખાતેના રામજન્મભૂમિ પરના ભવ્ય રામમંદિર શ્રદ્ધાળુઓનો સમંદર છલકાશે. છેલ્લા દસ દિવસથી રામજન્મોત્સવની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલે છે. આ વખતે 20 લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવશે. એવી પ્રશાસકોએ આશા દર્શાવી છે. ગયા સપ્તાહે તા.19મીએ રામમંદિરના દ્વિતિય મજલા પર રાષ્ટ્રના પ્રથમ વ્યક્તિ રાષ્ટ્રપતિ મહોદયા દ્રૌપદી મુર્મુના શુભહસ્તે 150 કિલો વજનના સુવર્ણ મઢેલા 'શ્રી રામયંત્ર'નું પ્રતિષ્ઠાન કરાયું છે. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગીજી સહિત હજારો સાધુસંતો અને શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિ વિધાનોનુસાર અને વૈદિક મંત્રોચ્ચાર સાથે દક્ષિણ ભારતના, કાશીના અને અયોધ્યાના 51 વૈદિક વિદ્વાનો સાથે પૂજારી ગણેશ્વર શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ આ શુભકાર્ય સંપન્ન કરાયું. રામનવમીએ અયોધ્યા આવનારા શ્રદ્ધાળુઓને તેના દર્શનનો લાભ મળશે.

શ્રી રામયંત્ર એ બ્રહ્માંડીય ઊર્જાનું ગાણિતિક અને આધ્યાત્મિક સ્વરૂપ છે. શ્રીયંત્ર માતા લક્ષ્મીજીનું પ્રતીક છે, તેમ વિષ્ણુ અવતાર ભગવાન શ્રી રામની મર્યાદા અને વિજયનું પ્રતીક છે. અનેક પ્રકારની વિશેષ ધાતુઓના મિશ્રણ તથા વૈદિક ગણનાઓ આધારિત શ્રી રામયંત્ર તમિલનાડુના કાંચીપુરમ સ્થિત એક મઠમાં તૈયાર કરાયું છે. કાંચી પુરમથી આંધ્રપ્રદેશના તિરુપતિ ખાતે લઈ જવાયેલા આ યંત્રની તિરુપતિમાં શોભયાત્રા કાઢવામાં આવેલી.

સનાતની દેવી-દેવતાઓમાં ભગવાન શ્રીરામનું એક વિશેષ સ્થાન છે. દેશભરમાં નાના-મોટા શહેરો અને ગામોમાં રામજીમંદિર અચુક જોવા મળે છે. એમાં ય કેટલાંક વિશેષ પ્રકાર નિર્મિત અને ભવ્ય રામમંદિરની સંખ્યા પણ અધિકાધિક છે. કેટલાંક મંદિરોને સંક્ષિપ્તમાં ઓળખીએ કારણ કે આવા દરેક મંદિરની પૈરાણિક કથા અને ઈતિહાસ એટલા ભવ્ય છે કે દરેક પર એક મોટા લેખ લખવા પણ ઓછા પડે.

કેરળના ત્રિશૂર જિલ્લામાં ત્રિપ્રયાર શ્રી રામમંદિર ઘણું પૌરાણિક છે. લાકડાની સર્વશ્રેષ્ઠ નકશીકામવાળા આ મંદિરની સ્થાપિત મૂર્તિઓ વિશે એ આશ્ચર્યનજક બાબત એ છે કે અહીં સ્થાપિત અન્ય શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા દ્વારા પ્રભુ શ્રીરામની પૂજા થાય છે. પ્રતિ એકાદશીનો ઉત્સવ ખૂબ આનંદથી અહીં ઉજવાય છે. તો રામનવમીના અવસરે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામે છે. મહારાષ્ટ્રના નાસિક ખાતે કાલારામ મંદિર પણ ખૂબ વિખ્યાત છે. અહીંનાં પંચવટી ક્ષેત્રમાં ઈ.સ. 1782માં સરદાય રંગરાવ ઓઢેકર નામના રામભક્તે લાકડાનું આ મંદિર બનાવેલું. બાર વર્ષ સુધી મંદિરના નિર્માણનું કામ ચાલેલું અને 2000 જેટલા વ્યક્તિઓને રોજગાર મળેલા. ભગવાન શ્રી રામ, સીતા અને લક્ષ્મણની બે ફૂટ ઊંચી કાળા પથ્થરમાંથી કંડારેલી પ્રતિમાઓ અહીં સ્થાપિત છે.તામિલનાડુના કુંભકોણમ ખાતે રામાસ્વામી મંદિર આવેલું છે. લગભગ 400 વર્ષ પહેલા અહીંના રાજા રઘુનાથ નાયકરે આ ભવ્ય રામમંદિરનું નિર્માણ કરાવેલું.

જટિલ નકશીકામવાળા સ્થંભો અને કમાનો ભારતીય સ્થાપત્યની શ્રેષ્ઠતાની સાક્ષી પૂરે છે. મંદિરના ગર્ભગૃહમાં ભગવાન રામ-સીતાના વિવાહ કરતી મુદ્રામાં દર્શનીય છે તો આજુબાજુમાં લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન, શ્રીહનુમાનજી સહિતનો રામદરબાર દૃશ્યમાન છે. માન્યતા અનુસાર મનોવાંચ્છિત જીવનસાથી મેળવવા શ્રદ્ધાળુઓ અહીં વિશેષ દર્શને આવે છે. તેલંગાણાના કોઠા ગુડેમ જિલ્લાના ભદ્રાચલમ ખાતે સીતા રામચન્દ્રસ્વામી મંદિર પણ પૌરાણિક કથા સાથે જોડાયેલું ભવ્ય મંદિર છે. રામ-સીતાના લગ્નની વર્ષગાંઠનો અવસર અહીં ખૂબ ધામધૂમથી મનાવાય છે અને સ્વાભાવિક જ રામનવમીના અવસરે તો ભવ્ય ઉજવણી હોય.

મધ્યપ્રદેશના ઓરછા ખાતે પણ ખૂબ ભવ્ય રામરાજ મંદિર આવેલું છે. ઓરછાની રાણી ભગવાન રામની પરમ ભક્ત હતી. તેમણે પોતાના ભવ્ય મહેલને ભગવાન શ્રી રામને રાજા તરીકે સમર્પિત કરી દીધેલો. આજે પણ સરકારી સૈનિકો ભગવાન શ્રી રામને રોજ આરતી સમયે સલામી આપે છે. તહેવારોમાં દર્શન માટે ભારતમાંથી દર્શનાર્થીઓ ઉમટી પડે છે. ઉત્તરભારતનું એક શ્રેષ્ઠ રઘુનાથ મંદિર જમ્મુ ખાતે છે. ખૂબ જ વિશાળ પરિસર સાથેનું સાત શિખરોવાળું આ મંદિરનું ડોગરા શાસક મહારાજ ગુલાબસિંહે ઈ.સ. 1835માં નિર્માણકાર્ય ચાલુ કરાવેલ. બાદમાં તેમના પુત્ર મહારાજ રણબીરસિંહે 1860માં પૂર્ણ કરાવેલું. ભવ્ય વાસ્તુકલાના પ્રતીક સમા આ મંદિરમાં સોનાની પરત ચઢાવેલી છે. અહીંના પુસ્તકાલયમાં દુર્લભ સંસ્કૃત અને પાંડુ લિપિમાં અંકિત 6000થી વધુ પુસ્તકો, હસ્તપ્રતો સચવાયેલી છે.

> અનેક શુભ યોગના સંયોગે રામનવમીનો તહેવાર ઉજવાશે. સૂર્ય, ચંદ્ર તથા ગુરુની સ્થિતિ આ અવસરે સંતુલિત હોવાથી ભગવાન શ્રીરામની પૂજા, ઉપાસના અને અનુષ્ઠાન શ્રદ્ધાળુઓને માનસિક શાંતિ, અધિક નિર્ણયક્ષમતા અને આધ્યાત્મિક ઉન્નતિ પ્રદાન કરનાર રહેશે

॥ कृष्णस्तु भगवान स्वयम् ॥

**લેખાંક-૫૬**

# સમરથ કો દોષ નાહિ ગોંસાઈ

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

વેણુ (મોરલી, વાંસળી) વગાડવાના એક પ્રસંગમાં ગોપી લાલાને કહે છે કે કૃપા કરી ભોજન બનાવવાના સમયે આ મુરલીના મધુર સૂર નહિ વગાડો. તમારી મોરલીનો ધ્વનિ સાંભળીને મારા ચૂલામાંનાં સૂકાં લાકડાં પણ રસભીના બની રસ વહેવડાવે છે, તેનાથી અગ્નિ બુઝાઈ જાય છે અને મારી રસોઈ થતી નથી.

આવા મુરલીમનોહર બાળકૃષ્ણ હવે ધીરે ધીરે મોટા થાય છે. ત્રણ વર્ષ પૂરાં થયાં અને ચોથા વર્ષમાં પ્રવેશ કર્યો. મિત્રોની ટોળકી બનવા માંડી. મનસુખ, મધુમંગલ, શ્રીદામા વગેરે અનેક મિત્રો સાથે બાળક્રીડાઓ શરૂ કરી. મિત્રો જયારે રમતો રમતા, ત્યારે કેટલાક ગરીબ ગોવાળના છોકરાઓ કે જે કનૈયાના મિત્રો હતા તે ખૂબ દુર્બળ દેખાતા હતા. આ નહિ જોવાતા કનૈયાએ મનસુખને ઉદ્દેશીને કહ્યું, "મનસુખ, તું ખૂબ દુર્બળ છે. આવા નબળા મિત્રો મને નહિ ગમે. તું પણ માખણ વગેરે ખાઈને મારા જેવો તગડો થા."

આ સાંભળીને મનસુખ રડવા લાગ્યો. રડતાં રડતાં કહ્યું, "તું તો મુખીનો દીકરો છે. તારી મા તને રોજ માખણ ખવડાવતી હશે પરંતુ અમે તો ગરીબ છીએ. દરરોજ માખણ ક્યાંથી ખાઈએ? મને તો ઘણી વાર દૂધ પણ મળતું નથી અને ત્યારે છાશથી પણ ચલાવવું પડે છે. મને પણ કોઈ જો દરરોજ માખણ ખવડાવે તો હું પણ તારા જેવો તગડો થાઉં."

લાલો પૂછે છે કે, ''તારા ઘરમાં ગાયો છે કે નહિ? માખણ થાય છે કે નહિ?'' ત્યારે મનસુખે કહ્યું કે, ''ગાયો તો છે પરંતુ ખૂબ ઓછી છે. મારી મા કહે છે કે અમારા ઘરનું માખણ તો મથુરાના કોઈ કંસ નામના રાજાને આપવામાં જ વપરાઈ જાય છે.''

ત્યારે લાલાએ કહ્યું, ''મનસુખ, તું રડ નહિ. આવતીકાલથી હું તને દરરોજ માખણ ખવડાવીશ.'' લાલાની વાત સાંભળી બધા મિત્રો બોલ્યા કે, ''લાલા તું રોજ ક્યાંથી માખણ ખવડાવીશ? તારા ઘરમાંથી દરરોજ લાવશે તો તારી મા તને મારશે.''

લાલાએ બધા મિત્રોને સમજાવ્યું કે આપણે બધાએ સાથે મળીને માખણની ચોરી કરવાની. મિત્રોએ પૂછ્યું કે ચોરી કરતા પકડાઈ જઈએ તો? ત્યારે લાલાએ સમજાવ્યું કે મારા ગુરૂએ મંત્ર શીખવાડ્યો છે. એ મંત્ર બોલીએ તો આપણને ચોરી કરતા કોઈ જોઈ નહિ શકે. કદાચ પકડાઈએ તો પણ પકડમાંથી છૂટી જઈએ.

મિત્રોને આમ સમજાવીને, મિત્રોને માખણ ખવડાવવા અને આડકતરી રીતે સમજીએ તો કંસને માખણ નહિ આપવા દેવા માટે કનૈયો ચોરી કરવા તૈયાર થયો છે. અહીં જ તુલસીદાસજીએ તેમની લાગણી ભીની કલમથી લખ્યું છે કે 'સમરથ કો નહિ દોષ ગુંસાઈ'. આ તો પ્રભુની લીલા છે. સર્વ સમર્થ એવા પ્રભુને કોઈ દોષ લાગતો નથી. તદુપરાંત પરમાત્માનો સાક્ષાત્કાર થાય તેવા જ્ઞાનીને માથે પણ કોઈ દોષ જતો નથી. ચોરી નહિ કરવી જોઈએ તેવી શાસ્ત્રો આજ્ઞા આપે છે પરંતુ પરમાત્મા જેને અપનાવે છે તેના માટે આખું જગત જ પોતાનું થઈ જાય છે. પછી ચોરી કરવાનો સવાલ જ આવતો નથી. કેટલાક વિવેચકો વર્ણવે છે કે કૃષ્ણ માખણ ચોરી કરે છે. તેના માટે ગોપીઓએ 'માખણચોર' જેવી ઉપમા પણ આપી છે પરંતુ તાત્ત્વિક દ્રષ્ટિએ વિચારીએ તો ઈશ્વર જ બધાના માલિક છે. તેઓ જ સર્વેશ્વર હોવાના કારણે આ જગતનું બધું જ તેમનું છે. જે ગોપીઓ તન, મન અને ધન શ્રીકૃષ્ણને અર્પણ કરે તેના ઘરનું થોડું માખણ શ્રીકૃષ્ણ ખાય તે શું ચોરી કહેવાય??

આ ચોરી નથી. આ દિવ્ય પ્રેમથી ભરેલી લીલા છે. ગોપીઓને 'પરમાનંદ'નું દાન કરવા માટેની આ લીલા છે. સામે ગોપીઓ પણ હંમેશાં લાલા વિરુદ્ધ મીઠી ફરિયાદ કરતા થાકતી નથી.

જયારે બાળકૃષ્ણ માતા યશોદા પાસે બેઠા હોય ત્યારે આ ચંચળ અને ચપળ લાલાની ફરિયાદ કરવા ગોપીઓ પહોંચી જતી અને કહેતી, "તમે તમારા આ નટખટ કૃષ્ણને કેમ કંઈ કહેતા નથી? તમારો આ કૃષ્ણ કોઈ વખત ગાયોને દોહવાનો સમય નહિ થયો હોય તેમ છતાં પણ વાછરડાઓને છોડી મૂકે છે. તેથી ગાયોનું બધું દૂધ વાછરડા ધાવી જાય છે અને અમને ઓછું દૂધ મળવાથી ઘણું નુકસાન થાય છે. અમે તેને ઠપકો આપીએ તો સામેથી એવું મનોહર હસ્યા કરે છે કે અમે ઠપકો પણ આપી શકતા નથી."

> ચોરી નહિ કરવી જોઈએ તેવી શાસ્ત્રો આજ્ઞા આપે છે પરંતુ પરમાત્મા જેને અપનાવે છે તેના માટે આખું જગત જ પોતાનું થઇ જાય છે. પછી ચોરી કરવાનો સવાલ જ આવતો નથી

ગોપીઓની આ ફરિયાદને તત્ત્વચિંતકો એક અદભુત લીલા તરીકે સમજાવતા કહે છે કે, વાછરડા એટલે જ વિષયમાં ડૂબેલો જીવ. પરમાત્માની જે જીવ પર વિશિષ્ટ કૃપા થાય તે જીવની બંધનમુક્તિ સમય આવે પહેલાં થઈ જાય છે. પરમાત્મા આવા જીવાત્માને બંધનમાંથી છોડાવે છે.

શાસ્ત્રમાં મુક્તિના બે પ્રકાર બતાવ્યા છે, 'ક્રમમુક્તિ' અને 'સધ્યોમુક્તિ'. મનુષ્યના જીવનમાં બાળકના જન્મથી લઈને મૃત્યુ સુધીનો સમય આવે અને મુક્તિના પ્રયત્નો કર્યા હોય ત્યારે જે મુક્તિ મળે તે ક્રમમુક્તિ કહેવાય છે અને જેના પર પરમાત્માની વિશેષ કૃપા થાય તેણે આ ક્રમને અનુસરવાની જરૂરિયાત રહેતી નથી. તેથી તે સધ્યોમુક્તિ કહેવાય છે. વાછરડાને છોડી મૂકવાની આ લીલાને આ રીતે સમજી શકાય.

(ક્રમશઃ)